JAIN REFERENCE LIBRARY ACHARYA SURENDRASURI JAIN TATVA GYANSHALA Page 1/2

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अख्यातिः**-( મીમાંસકને મતે ) છીપમાં इदं रजतम् (આ રૂપું છે) એ જ્ઞાન યથાર્થ જ છે, કેમકે કોઈ જ્ઞાન અયથાર્થ હોતું નથી. જેમ ઉપલા ઉદાહરણમાં इदं (આ) અંશ તો પ્રત્યક્ષ જ્ઞાન છે, અને रजतं (રૂપું) એ જ્ઞાન તો પૂર્વે જોયેલા રૂપાની સ્મૃતિરૂપ છે. માત્ર જોનાર આ બે જ્ઞાનનો ભેદ સમજી શકતો નથી તેથી તેને 'આ રૂપું છે' એવું ભેદાગ્રહ જ્ઞાન (બન્ને જ્ઞાનમાં તફાવત છે તે ન સમજવાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન) ઉત્પન્ન થાય છે. એમાં ભ્રમજ્ઞાન જેવું કાંઈ નથી. અર્થાત् ख्यातेरभाव एवाख्यातिः ( ખ્યાતિનો અભાવ એજ અખ્યાતિ ) એવો અર્થ કરવો. (પ્રભાકર.) ૨. स्वरूपतो विषयतश्चागृहीतभेदेनैकज्ञानम् । જે પદાર્થોના સ્વરૂપજ્ઞાનમાં ભેદ છતાં ભેદગ્રહણ કરવામાં ન આવે, તથા જે જ્ઞાનના વિષયો ભિન્ન છતાં તે એકજ છે એમ સમજવામાં આવે, તે અખ્યાતિ. જેમ છીપ અને રૂપું સ્વરૂપથી ભિન્ન છતાં તે ભેદ સમજાતો નથી, તેમ જ્ઞાનનો વિષય ભિન્ન થતાં એક રૂપુંજ માલમ પડે છે, ત્યાં 'અખ્યાતિ' જાણવી. (ન્યાય, મક.)

**अग्निहोत्रम्**—અગ્નિધારણ કરીને તેમાં સાંજ સવાર હોમ કરશો તે.

**अग्ने प्रकृतयः पंच**-क्षुत्तृण्निद्रा तथालस्यं सङ्गोऽग्नेःपंच कीर्तिताः ।—ભૂખ, તરસ, નિદ્રા, આળસ અને સંગ, એ પાંચ અગ્નિની પ્રકૃતિઓ છે.

**अग्रहणम्**—અપ્રત્યક્ષ. સમજી ન શકાવું તે.

**अघटकत्वम्**—तद्विषयत्वाव्यापकविषयतावत्त्वम् । કોઈ પદાર્થના વિષયત્વમાં અવ્યાપક એવી જ વિષયતા, તે વાળા હોવાપણું. જેમ-ઘટ વિષયત્વમાં અવ્યાપકવિષયતાવત્ત્વ ગર્દભત્વનું છે, માટે ગર્દભત્વમાં ઘટનું અઘટકત્વ રહ્યું છે.

**अघातिकर्मप्रकाराः**—(જૈન મતે) અઘાતિ કર્મ ચાર પ્રકારનું છે. (૧) વેદનીય, (૨) નામિક, (૩) ગોત્રિક, (૪) આયુષ્ક. એ ચારે પ્રકારનાં કર્મ શ્રેયનું હનન કરતાં નથી માટે તે અઘાતિકર્મ કહેવાય છે.

**अङ्ग**-અંગી (પ્રધાન કર્મ) ના સમીપમાંજ જે પદાર્થ કાંઈ ફળ સિવાય કર્તવ્યતારૂપે શ્રવણ કરવામાં આવે છે તે, એનેજ 'શેષ' તેમ 'સહકારી' પણ કહે છે. ઉદા૦—જેમ, દર્શપૂર્ણમાસ એ અંગી છે અને પ્રયાજ એ તેનું અંગ છે, અને તેની (દર્શપૂર્ણમાસની) સમીપમાં કહ્યું છે, તેમજ દર્શપૂર્ણમાસથી તેનું ભિન્ન ફળ કહેલું નથી માટે પ્રયાજ એ અંગ છે. ૨. तदीयप्रधानफलजनकव्यापारजनकत्वे सति तदीयप्रधानफलाजनकत्वम् । વેદમાં યજ્ઞાદિ કર્મોમાં કેટલાંક પ્રધાનકર્મ હોય છે અને કેટલાંક એ પ્રધાનનાં અંગભૂત કર્મ હોય છે. 'જેમ દર્શપૂર્ણમાસ'યાગમાં 'પ્રયાજ' એ અંગભૂત કર્મ છે. અંગભૂત કર્મો પોતાના પ્રધાન કર્મનો જે ફલજનક વ્યાપાર છે તેમાં સહાય કરે છે; એમ છતાં અંગભૂતકર્મો એકલાં કરવામાં આવે તો તેથી પ્રધાન કર્મનું ફળ ઉત્પન્ન થતું નથી. અર્થાત્ જે કર્મનું પોતાનું કાંઈ ફળ નથી પણ પ્રધાન કર્મનું ફલ ઉત્પન્ન કરી આપે છે તે અંગ કહેવાય છે.

૩. વેદના અર્થનું જ્ઞાન થવામાં ઉપયોગી જે છ ગ્રંથો છે, તેમાંના દરેકને પણ અંગ કહે છે, એ છ ગ્રંથોઃ-શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદસ્ અને જ્યોતિષ્, એ નામના છે.

**अङ्गसमाधिः**—કર્તા, કર્મ, કરણ, એ ત્રિપુટીના અનુસંધાન સહિત સજાતીય વૃત્તિઓનો બ્રહ્માકાર પ્રવાહ તે. એને સવિકલ્પ સમાધિ પણ કહે છે,

**अङ्गी**—જે પદાર્થ ( અથવા કર્મ ) સાક્ષાત્ ફળના સાધન રૂપે શ્રુતિમાં કહેલો હોય તે. એને જ 'શેષી' અથવા 'પ્રધાન' પણ કહે છે.

**अचेतनः**—'અજ્ઞાન'થી આરંભીને તમામ જડસમૂહ, ચેતનથી ભિન્ન સર્વ પદાર્થ માત્ર.

**अजन्यज्ञानम्**—જ્ઞાન 'જન્ય' અને અજન્ય' એમ બે પ્રકારનું છેઃ તેમાંથી પરોક્ષ

For Private And Personal Use Only

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અપરોક્ષ જ્ઞાન એ જન્યજ્ઞાન છે; અને શુદ્ધબ્રહ્મરૂપ જ્ઞાન એ અજન્યજ્ઞાન છે.

**अजन्यसुखम्**—'જન્યસુખ' અને 'અજન્યસુખ' એવા સુખના બે પ્રકાર છે: તેમાંથી અંતઃકરણની વૃત્તિજન્ય સુખ તે જન્યસુખ કહેવાય છે; અને બ્રહ્મસુખ તે અજન્યસુખ કહેવાય છે.

**अजहत्लक्षणा**–लक्ष्यतावच्छदकरुपेण लक्ष्यशक्योभयबोधप्रयोजिका लक्षणा अजहल्लक्षणा લક્ષ્યતાવચ્છેદકરૂપે, લક્ષ્ય અને શક્ય બન્નેના બોધની હેતુ જે લક્ષણા, તે અજહલ્લક્ષણા કહેવાય છે. જેમ–કોઈ માણસે ભોજન માટે રાખેલા દહીંનું કાગડાં, બિલાડાં, વગેરે પ્રાણીઓથી રક્ષણ કરવા માટે એક છોકરાને કહ્યું કે 'કાગડાઓથી દહીંનું રક્ષણ કર.' એ વચન સાંભળીને તે છોકરો કાક (કાગડો) પદની દહીંને બગાડનારાં તમામ પ્રાણીઓમાં લક્ષણા કરે છે. એવાં પ્રાણીઓ, કાગડા, બિલાડાં, કૂતરાં, વગેરે છે. એવાં દહીં બગાડનારાં કાગડા, બિલાડાં, વગેરે લક્ષ્યો વિષે જે 'કાક' પદની લક્ષ્યતા રહે છે. તે લક્ષ્યતાનો અવચ્છેદક દધિ–ઉપઘાતકત્વ (દહીં બગાડવાપણા રૂપ) ધર્મ છે. એ દધિ ઉપઘાતકત્વરૂપ લક્ષ્યતાવચ્છેદકરૂપે કરીને કાક, બિડાલ, શ્વાન, વગેરે સર્વ શક્ય અને લક્ષ્ય પદાર્થોનો બોધ તે છોકરાને કાકપદની લક્ષણાથી થાય છે. માટે કાકપદની દધિ-ઉપઘાતક વિષે લક્ષણા તે અજહત્ લક્ષણા કહેવાય છે. (ન્યા. પ્ર.)

તેમજ छत्रिणो गच्छन्ति–(છતરીવાળા જાય છે) એમાં પણ એકસાર્થવાહી (એક ટોળામાં જનારા) પુરૂષોમાં छत्री (છતરીવાળો) પદની લક્ષણા થાય છે. એ લક્ષણાવડે છત્રીવાળા તથા છત્રી વગરના બધા પુરૂષોનો બોધ થાય છે, માટે એ પણ અજહત્ લક્ષણા છે.

૨. शक्यार्थापरित्यागेन तत्संबंध्यर्थान्तरे वृत्तिः।—પદના શક્ય અર્થનો પરિત્યાગ કર્યા વિના તે શક્ય અર્થના સંબંધવાળા પદાર્થમાં તે પદની જે લક્ષણાવૃત્તિ તે 'અજહત્ લક્ષણા' કહેવાય છે. જેમ "માળા ગાજી ઉઠયા" એમાં 'માળા' શબ્દનો શક્ય અર્થ જડ માળો (માંચડો) છે. તે અર્થનો ત્યાગ ન કરતાં માળાના સંબંધવાળા તે ઉપર બેઠેલા માણસ છે તેમાં લક્ષણા કરવી તે 'અજહત્ લક્ષણા' છે.

**अजिह्वादिभिक्षुषट्कम्**–अजिह्वः षण्ढकः पङ्गुरन्धो बधिर एव च। मुग्धश्चते सुविज्ञेया षड् भूमौभिक्षुपुङ्गवाः ॥१॥—અજિહ્વ (જીભ વગરનો) ષંઢ, પાંગળો, આંધળો, બહેરો અને મૂઢ, એ છ પ્રકારના ભિક્ષુ (સંન્યાસી) શ્રેષ્ઠ કહેવાય છે. (અર્થ તે તે શબ્દોમાં જોવા.)

**अजिह्वोभिक्षुः**–इदमिष्टमिदं नेति योऽश्नन्नपि न सज्जते। हितं सत्यं मितं वक्ति तमजिह्वं प्रचक्षते॥—જે સંન્યાસી ભોજન કરતો છતાં આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે, એવી આસક્તિ રાખતો નથી; તથા હિતકર, સત્ય અને થોડું બોલે છે તે અજિહ્વ (જીભ વગરનો) સંન્યાસી કહેવાય છે.

**अजीवः**—(જૈનમતે) ભોગ્ય પદાર્થો. એ અજીવ પદાર્થોમાંજ આશ્રવ, સંવર, નિર્જર, બંધ અને મોક્ષ, એ પાંચ પદાર્થોનો અંતર્ભાવ થાય છે.

**अज्ञत्वम्**—ગુરૂમુખથી શાસ્ત્રાધ્યયન જેણે કર્યું નથી તે અજ્ઞ; અજ્ઞનો ભાવ અજ્ઞપણું. ૨. આત્મજ્ઞાન શૂન્યત્વ.

**अज्ञातत्वम्**–प्रमाणजन्यज्ञानाविषयत्वम्। જે પદાર્થ પ્રમાણજન્યજ્ઞાનનો અવિષય હોય તે અજ્ઞાત કહેવાય છે. (અર્થાત્ અજ્ઞાતપણું)

૨. अज्ञानाश्रयाज्ञानविषयत्वम्।—અજ્ઞાન જેનો આશ્રય છે એવો અજ્ઞાનનો વિષય અજ્ઞાત; એવું અજ્ઞાતપણું તે અજ્ઞાતત્વ.

**अज्ञातसत्ता**–જ્ઞાન થયા પહેલાંના કાળમાં વિષયની જે સત્તા તે. જેમ–જીવ અને બ્રહ્મની

For Private And Personal Use Only